# EDII ઉદ્યોગોને તાલિમ આપવા શરૂ કરશે 'ફેમિલી બિઝનેસ ક્લિનિક્સ'

સિટી રિપોર્ટર cbamdavad@gmail.com

ઘણીવાર સારી રીતે ગ્રો કરી રહેલો બિઝનેસ એક પેઢી બાદ બીજી પેઢી એટલે યંગસ્ટર્સના હાથમાં આવતા તેમાં ઘણા બધા પ્રોબ્લમ થતા હોય છે. તો ઘણીવાર સંચાલન શક્તિના અભાવે બંધ પણ થઈ જતાં હોય છે આવા નાના પાયાના ઉદ્યોગોને તાલિમ આપવા માટે ઈડીઆઈઆઈએ 'ફેમિલી બિઝનેસ ક્લિનિક્સ' પ્રોગ્રામ હાથ ધર્યો છે. આ અંગે જણાવતા ડૉ. આચાર્યે કહ્યું કે, 'ફેમિલી બિઝનેસ લીડરશિપ ક્લિનિક પ્રોગ્રામથી ઉદ્યોગસાહસિકોને પારિવારિક વ્યવસાયમાં લીડરશિપ કલ્ચર ઊભું કરવામાં મદદ મળશે.'

ઈડીઆઈઆઈએ પીજીડીએમ ઇન બિઝનેસ આંત્રપ્રિન્યોરશિપ પ્રોગ્રામ મારફતે 400થી વધારે નવી પેઢીનાં ઉદ્યોગસાહસિકોને તૈયાર કર્યા છે. ત્યારે હવે અમદાવાદ, વડોદરા, રાજકોટ, જોધપુર અને ભોપાલમાં 'ફેમિલી બિઝનેસ ક્લિનિક્સ' ઓપન કરીને વિવિધ ઔદ્યોગિક સમૂહો ખાતે ઉત્તરાધિકારીની યોજના અને પરિવાર સંચાલિત વ્યવસાયનાં મેનેજમેન્ટ વિશે એમએસએમઈને વાકેફ કરવા આ પ્રકારનાં ક્લિનિક ઓપન કરશે. જેમાં લીડરશિપ કલ્ચર ઊભું કરવું, વ્યવસાયનું સંચાલન વ્યૂહાત્મક આયોજન મૂડીને સરળતાપૂર્વક સુલભ કરવી સમસ્યાઓનું સમાધાન શોધવું ડિજિટલ મીડિયાનો ઉપયોગ વગેરે ક્ષેત્રે કામ થશે.